આશ્રમશાળા અધિકારીશ્રીઓની કચેરી
હસ્તકના ૭ વાહનો ખરીદવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : અમશ-૧૫૧૦-ન.બા.૧૭-ધ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 18 MAY 2010

વંચાણે લીધા :-
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની તા. ૩/૨/૧૦ પત્ર ક્રમાંક : ટીડી/રેકર્ડ/૨૦૧૦/૧૧૩૪ ની દરખાસ્ત.

ઠરાવ :-

રાજયના આદિજાતિ વિસ્તારોમાં ૭ જિલ્લાઓમાં આશ્રમશાળા અધિકારીની કચેરીઓ આવેલ છે. આ કચેરીઓમાં જિલ્લાની આશ્રમશાળાઓ / ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની, ગ્રાન્ટ સંબંધેની કામગીરી, સ્થળ તપાસ વગેરે જેવી કામગીરી કરવાની હોય છે, આ આશ્રમશાળા અધિકારીઓના કુલ ૭ (સાત) વાહનો કન્ડમ કરતાં નવા ૭ (સાત) વાહન ખરીદવાની જરૂરીયાત જણાતાં આમુખ-(૧) થી જણાવ્યાનુસારની દરખાસ્ત કમિશનરશ્રી (આ.વિ.) મારફત રજૂ કરેલ હતી. દરખાસ્ત અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવેલ સાત આશ્રમશાળા અધિકારીશ્રીઓની કચેરી હસ્તકના ૭ (સાત) વાહનો કન્ડમ કરવા અને તેની સામે નવા ૭ (સાત) વાહનો બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૯/૯/૦૮ ના ઠરાવથી નિયત થયા મુજબ રૂ. ૫/- (પાંચ લાખ) ની મર્યાદામાં ખરીદવાની આથી નીચે જણાવેલ શરતોને આધિન રૂ. ૪૯.૦૦ લાખની નવી બાબતને આથી વહીવટી મંજૂરી અપવામાં આવે છે.

નીચે જણાવ્યાનુસાર ૭ (સાત) કન્ડમ કરેલ વાહનો સામે નવા ૭ (સાત) વાહનો ખરીદ કરવાના રહે છે.

(૨)

| અ.નં. | કચેરીનું નામ | કન્ડેમ કરેલ વાહન નંબર | કન્ડેમ કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | આશ્રમશાળા અધિકારીશ્રી, દાહોદ | જીજે-૧૮-જી-૩૦૫ | ૨૯-૩-૨૦૧૦ |
| ૨ | આશ્રમશાળા અધિકારીશ્રી, ખેડબ્રહ્મા | જીજે-૧૮-જી-૧૪૬૪ | ૩૦-૩-૨૦૧૦ |
| ૩ | આશ્રમશાળા અધિકારીશ્રી, | જીજે-૧૮-જી-૩૦૬ | ૫-૬-૨૦૦૯ |

| | | | |
|---|---|---|---|
| ૪ | આશ્રમશાળા અધિકારીશ્રી, સુરત | જીજે-૧૮-જી-૧૫૮ | ૨૧-૧૧-૨૦૦૮ |
| ૫ | આશ્રમશાળા અધિકારીશ્રી, વલસાડ | જીજે-૧૮-જી-૩૦૪ | ૨૩-૩-૨૦૦૯ |
| ૬ | આશ્રમશાળા અધિકારીશ્રી, છોટાઉદેપુર, જિ. વડોદરા | જીજે-૧૮-જી-૨૫૬ | ૨૯-૩-૨૦૦૮ |
| ૭ | આશ્રમશાળા અધિકારીશ્રી, ગાંધીનગર | જીજે-૧-જી-૨૪૦૪ | ૧૪-૫-૨૦૦૮ |

(૩) શરતો :-

(૧) સને ૨૦૧૦-૧૧ ના વર્ષની અંદાજપત્રિય જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગની નવા વાહન ખરીદ અંગેની પ્રવર્તમાન સૂચનાનો અમલ કરવાનો રહેશે. જે પ્રકારના વાહન કન્ડમ કરવામાં આવેલ છે તે જ પ્રકારના વાહન ખરીદવાના રહેશે.

(૪) નવા ખરીદવામાં આવનાર વાહનોનો વીમો નિયામકશ્રી, વીમા મારફત ઉતરાવવાનો રહેશે.

(૫) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૪/૨૦૧૦ થી કરવાનું રહેશે.

(૪) આ અંગનો ખર્ચ માંગણી નં. ૯૬, મુખ્ય સદર ૨૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ,પેટાસદર ૦૨, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ,ગૌણ સદર ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટાસદર ૧૦- બી.સી.કે.૧૭૬, આશ્રમશાળાઓ, બાબત નં.૩૧- આશ્રમશાળા માટે નવા વાહન ખરીદવા બાબત, હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા.૨૩/૪/૨૦૧૦ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એલ. ભાભોર)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
  માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી / સચિવનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

- માન. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. રા.ક. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. સંસદીય સચિવશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર

જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

નાણાંકીય સલાહકારશ્રી (આ.વિ.) સચિવાલય, ગાંધીનગર

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર

બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

પી. શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ

સિલેકટ ફાઇલ.

* પત્ર દ્વારા